ગાંધીનગર સમાચાર

જિલ્લામાં સિઝનનો ૫૦ ટકા વરસાદ પણ સાબરમતી સુક્કી

# શહેરમાં મેઘ મહેર : એક ઈંચ વરસાદ

## ઝરમર વરસતા વરસાદ વચ્ચે બફારો અનુભવતા નગરજનો મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ : સિઝનનો ૩૩૭ મી.મી. વરસાદ



ગાંધીનગર તા ૯

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ઘેરાયેલા વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદી માહોલ યથાવત જોવા મળી રહયો છે. ગતરાત્રે અને વ્હેલી સવારે વરસાદી ઝાપટા વરસતા સેકટરોમાં ભીંજારા સાથે વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર એક ઈંચ વરસાદ વરસ્યો છે. મેઘરાજા મન મુકીને ન વરસતા વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નગરજના બફરો અનુભવી રહયા છે. અત્યારસુધી સિઝનનો ૩૩૭ મી મી વરસાદ નોંધાયો છે.

શહેરમાં છેલ્લા એક અઠવાડીયાથી વરસાદી માહોલ જામ્યો છે. પરંતુ હજુ સુધી મેઘરાજાની ધમાકેદાર ઈનીંગ્સ જોવા ન મળતા નગરજનો મેઘરાજા મનમુકીન મહેર કરે તેની કાગડોળે વાટ નિહાળી રહયા છે. શહેરમાં છેલ્લા એક અઠવાડીયાથી વાદળિયા વાતાવરણ વચ્ચે મંદ મિજાજ ધરાવતા મેઘરાજા ઝરમર વરસતા રોજ બરોજ મેહુલિયો જાણે હાજરી પુરાવી ઋતુમિજાજનો અહેસાસ કરાવી રહયો છે. આજે પણ વરસાદી વાતાવરણ યથાવત રહયુ હતુ. ગતરાત્રે તેમજ વ્હેલી સવારે વરસાદનુ ઝાપટુ વરસતા સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. દિનભર મચ્છરીયો વરસાદ યથાવત રહયો હતો. વરસાદી માહોલ યથાવત રહેતા સેકટરોમાં સમસ્યાઓનો ઘેરાવો જોવા મળી રહયો છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૨૯ મી મી વરસાદ વરસ્યો છે. જયારે સિઝનનો કુલ વરસાદ ૩૩૭ મી મી વરસાદ નોંધાયો છે. વરસાદી ઝાપટાના લીધે સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વરસાદની હાજરી વચ્ચે પણ નગરજનો બફારનો અનુભવ કરી રહયા છે. ત્યારે મેઘરાજા મનમુકીને વરસે તેવી વાટ પ્રબળ બની છે.

## હર-હર મહાદેવ...



શ્રાવણિયો સોમવાર : દેવાધિદેવ મહાદેવના પૂજન-અર્ચન માટે શ્રાવણ મહિનાનો સોમવાર શ્રેષ્ઠ ગણાય છે... પ્રથમ સોમવારે જ શીવભક્તો વહેલી સવારથી મોડી સાંજ સુધી શીવાલયોમાં ઉમટ્યા હતા... શહેરના શીવાલયોમાં ભગવાન શીવને વિવિધ શણગારો કરાયા હતા...

# બે દિવસમાં ડહોળા પાણીની સમસ્યા હલ થતા સેકટરોમાં પાણીનો ફોર્સ પણ વધશે

## ડેમ ઓવર ફ્લો થતા ડહોળા પાણીની સમસ્યા સર્જાઇ : પાવડર કલોરીનેશનથી બે દિવસમાં સમસ્યા હલ થશે પાણીનો ફોર્સ પણ વધશે

ગાંધીનગર તા ૯

ડહોળા પાણીની સમસ્યાના લીધે જુના સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટી ગયો છે. પાણી પુરવઠા દ્વારા જરૂરિયાતની સામે ૫ થી ૭ એમ એલ ડી પાણી ઓછુ સપ્લાય કરવામાં આવે છે. જયારે પાણી પુરવઠાનો સપ્લાય વધારવામાં આવે તો પાણીમાં ટર્બિલીટીની ફરિયાદો વધી જાય છે. જો કે બે દિવસમાં ખાસ પ્રકારના પાવડરના આધારે પાણીનુ કલોરીનેશન કરવામાં આવશે જેના લીધે ડહોળા પાણીની ફરિયાદનુ નિરાકરણ આવી જશે જયારે સેકટરોમાં પણ ફોર્સથી પાણી આવશે.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ડહોળા પાણીની સમસ્યાએ દેકારો મચાવ્યો છે. સેકટરોમાં સવાર પડતા જ નળમાં ડહોળુ પાણી આવતી હોવાની બુમરાણ કાને સંભળાય છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની સાથે ડહોળા પાણીની સમસ્યાથી રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદ પાછળ ડહોળા પાણીની સમસ્યા જ જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ છે. નર્મદા ડેમ ઓવરફલો થતા કેનાલ વિસ્તારમાં પાણીની હીલચાલ વધતા ડહોળુ પાણી આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે પાણી પુરવઠા તંત્ર પાણીની ટર્બિલીટી દુર કરી પાણી સપ્લાય કરે તો સેકટરોમાં પાણીની જરૂરિયાતથી ઓછો પુરવઠો જ ઉપલબ્ધ થાય છે. જેના લીધે પાણીની પોકાર ઉઠવા પામી છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે પાણી પુરવઠા તંત્ર દ્વારા પાણીને શુધ્ધ કરવા માટે વિશેષ પ્રકારનો કલોરીન પાવડરનો ઉપયોગ કરવાનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. કલોરીનેશનની કામગીરી હાથ ધરવા ખાસ પાવડરનો ઉપયોગ કરાશે બાદ ડહોળા પાણીની સમસ્યા હલ થશે. અને સેકટરોમાં ફોર્સથી પાણી પણ આવશે. સુત્રોના જણાંવ્યા પ્રમાણે બે દિવસમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

# જિલ્લામાં સિઝનનો ૫૦ ટકા વરસાદ પણ સાબરમતી સુક્કી

## સંતસરોવર, લાકરોડા વિયરમાં હજુ પાણી જ નથી આવ્યુ તો સે. ૧નું તળાવ પણ ખાલીખમ ભાસી રહ્યું છે : જળસંચય સાથે ભૂગર્ભજળના સ્તર આ બધુ ભરાય તો ઊંચા આવે

ગાંધીનગર, તા. ૯.

જિલ્લામાં સિઝનનો ૫૦ ટકા જેટલો વરસાદ થઈ ગયા પછી પણ મુખ્ય નદી સાબરમતી નદી પર બાંધવામાં આવેલ બે ચેકડેમ સંતસરોવર તેમજ લાકરોડામાં હજુ પાણીની આવક જ થઈ નથી એટલુ જ નહિ પણ સાબરમતી નદી પણ રિચાર્જ થઈ નથી.

જિલ્લામાં માણસા તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે પણ લાકરોડા ખાતે ઉભા કરાયેલ વિયરમાં પાણીની આવક જ નહિવત નોંધાઈ છે જે પાણી ત્યાં જ જમીન પી ગઈ છે. સંત સરોવરમાં પણ આવી સ્થિતિ છે.

સંત સરોવર ગાંધીનગર શહેરમાં સરિતા ઉદ્યાનની નજીક કરોડોના ખર્ચે બાંધવામાં આવેલ છે. આ સરોવરને ૮ જેટલા દરવાજા પણ મુકી દેવામાં આવ્યા છે. પરંતુ આ વખતે હજુ સુધી વરસાદના પાણીની આવક જ થઈ નથી.

આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં સે. ૧ માં બાંધવામાં આવેલ તળાવમાં પણ પાણીની આવક થઈ નથી. ભૂગર્ભ જળ રિચાર્જ માટે સંત સરોવર અને સે. ૧ના તળાવનું નિર્માણ કરવામાં આવ્યુ છે પણ પાણીની આવક જ થઈ નથી એટલે ભૂગર્ભ જળ રિચાર્જની વાત તો બહુ દૂર રહી.

ગાંધીનગર જિલ્લાની ભૂગોળના જાણીતા ચિંતકોના જણાવ્યા પ્રમાણે નદી કિનારાના ૪૦ ગામો પૈકી એક પણ ગામમાંથી હજુ સાબરમતી નદી સુધી પાણીનો રેલો પહોંચ્યો જ નથી. સાબરમતી નદી રિચાર્જ થઈ જાય તો જિલ્લાના ૮૦થી પણ વધુ ગામોના જળસ્તર ઊંચા આવી જતા હોય છે.

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**



અમારા માતૃશ્રી શ્રીમતી **જયાબા વી. રાજપુત** તા. ૮-૮-૨૦૧૬ને સોમવારના રોજ દેવલોક પામ્યાં છે. **સદ્દગતનું બેસણું તા. ૧૧-૮-૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ :- બાલાજી મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર

વિનોદભાઈ વી. રાજપુત — દિપક વી. રાજપુત
અનિલ વી. રાજપુત — કમલ વી. રાજપુત
રાજેન્દ્રસિંહ વી. રાણા — મનોજ વી. રાજપુત

તથા રાજપુત પરિવાર

**બેસણું**



મારા ધર્મપત્ની **સ્વ. શ્રીમતી તારાબેન કે. સોલંકી**નું તા.૭-૮-૧૬ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૧-૮-૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૩ થી ૬ દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

કે. પી. સોલંકી (પતિ) મહામંત્રી ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતી, મો.૯૩૭૭૧ ૨૭૦૮૯
પિન્કેશ સોલંકી (પુત્ર-લંડન) — જયંતીભાઈ સોલંકી
રમેશભાઈ સોલંકી — ચતુરભાઈ તલવાડી
જગદીશભાઈ સોલંકી — સુનીલ સોલંકી

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ — કેટરીંગ — લાઈટીંગ — ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

સ્ટોક માર્કેટ ન્યુ ઓફિસ માટે
ટર્મીનલ ઓપરેટર : NSE-BSE
ફ્લ્ટ ઓફિસ આસીસ્ટન્ટ : (m) વ્હીકલ જરૂરી
ઓફિસ બોય : કોમ્પ્યુટર નોલેજ/વ્હીકલ જરૂરી
પગાર રૂ.૫૦૦૦/- થી ૧૫૦૦૦/- + ઈન્સેન્ટીવ + પેટ્રોલ
Mail : bestboi123@gmail.com
Call : 85115 68737

Since 1986
॥ अभय ॥
ISO 9001:2008
- Corporate Gathering
- Celebrations • Exhibitions
- Marriage • Reception
- Parties • Seminars

Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

info City Club & Resort — Craayons Pre-School & Activity center — info city
DRAWING COMPETITION
A ઉંમર ૬ થી ૮ વર્ષ — ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ — B ઉંમર ૯ થી ૧૨ વર્ષ
સમયઃ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળઃ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર
રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ — ૧૪ ઓગસ્ટ, ૨૦૧૬ —
જીતો આકર્ષક ઈનામો
- ફી- ગૃપ A માટે- રૂા.૫૦/- અને ગૃપ B માટે - રૂા.૧૦૦/-
- સ્પર્ધકોને ડ્રોઈંગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે. (કલર /પેન્સિલ/ ડ્રોઈંગ મટેરીયલ કીટ સ્પર્ધકે સાથે લાવવાના રહેશે).
- સ્પર્ધકને ICRPL તરફથી રિફ્રેશમેન્ટ આપવામાં આવશે.

વધુ માહિતી /રજીસ્ટ્રેશન માટે સંપર્કઃ
૯૯૭૯૮ ૮૯૩૭૭ / ૦૭૯ ૨૩૨૧ ૩૧૬૬
૦૭૯ ૨૩૨૧ ૩૧૫૫
Our Sponsors
Sam's PIZZA

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com